અમદાવાદના મે. એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ નં. ૨૨ માં.

ફોજદારી કેસ નં. ૬૦૬૪૫/૨૦૧૮.

આંક– ......................

ફરીયાદી : સરકાર

વિ.

આરોપી :– બીરજુ રમણભાઈ દંતાણી.

ગુનો :– ભારતીય દંડ સંહિતાની કલમ ૨૮૩ મુજબ.

–: ઠ રા વ :–

(૧) આ કામે આરોપી વિરુધ્ધ એલીસબ્રીજ/પાલડી પોલીસ સ્ટેશનમાં ઉપરોકત ગુના મુજબના ગુનાની ફરીયાદ થયેલ છે, જે સંદર્ભે પોલીસે તપાસને અંતે ચાર્જશીટ રજુ કરેલ છે.

(૨) આરોપીને સમન્સ બજતા કોર્ટમાં હાજર થયેલ હોઈ, તેઓને કેસની નકલો આપવામાં આવેલ. આરોપીએ ગુન્હા કબુલાત પુરસીસ આપી ગુન્હાની સ્વૈચ્છીક કબુલાત કરેલ છે અને તેનો સદરહુ ગુના અંગે આંક ૩ થી જવાબ લેવામાં આવેલ છે, જેમાં તેઓએ પોતાનો ગુનો કબુલ કરેલ છે. આરોપી પોતે ગરીબ માણસ છે. આ પ્રથમ ગુનો અજાણતા થયેલ હોઈ, દયા કરવા કોર્ટને અરજ કરેલ છે. ગુનાની ગંભીરતા ધ્યાને લેતા આરોપીને ઓછી સજા કરવી જોઈએ તેવું અત્રેની કોર્ટનું નમ્રપણે માનવું છે. તેથી આ કેસના તમામ સંજોગો લક્ષમા લઈ નીચે મુજબનો આખરી હુકમ કરું છું.

–: હુ ક મ : –

આ કામના આરોપીને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ ૨૫૨ અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ ૨૮૩ મુજબના ગુનામા તકસીરવાન ઠરાવી ગુના બદલ રુ. ૨૦૦/– (અંકે રુપિયા બસ્સો) પુરા દંડ, દંડ ના ભરે તો દિન–૪ (ચાર) ની સાદી કેદની સજાનો હુકમ કરવામા આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમા વાંચી સંભળાવીને જાહેર કર્યો.

અમદાવાદ.
તારીખઃ–૨૨/૭/૨૦૧૮.

(સુનિલ મહેન્દ્રભાઈ ગોવાણી),
એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં. ૨૨, અમદાવાદ.
જીજે૦૦૯૧૮